## શ્રી જૈન સાહિત્ય અકાદમી ટ્રસ્ટ ,મુંબઈ

## વ્યાખ્યાન માળા ૨૦૨૨-૨૩

## જૈન તીર્થોની ભવ્ય ગાથાઓ

## વ્યાખ્યાન – ૧૮ માળવાના પ્રાચીન તીર્થોનો વારસો

વ્યાખ્યાતા- શ્રી રેણુકાબેન પોરવાલ

તારીખ – ૧૫/૦૪/૨૦૨૩

આ માળવાનું રાજ્ય ક્યાં છે? તો ભારત દેશની મધ્યમાં પશ્ચિમ બાજુએ ચારે બાજુ દુર્ગમ પહાડો ની વચ્ચે ગાઢ જંગલોની વચ્ચે સુરક્ષિત રાજ્ય એટલે જ માળવા નું ઉચ્ચપ્રદેશ. મલ્લ નામની જાતિઓ અહીં આવીને વસી તેથી એ માળવા તરીકે ઓળખાયો. ગુજરાત અને માળવાની સરહદો દાહોદ કે જે દોહદ તરીકે પણ ઓળખાય છે એ નગરથી છૂટી પડે છે. આ દોહદ ગોધરા અને વડોદરાથી ખૂબ જ નજીક છે. આઝાદી પછી માળવા રાજ્ય મધ્યપ્રદેશ માં વિલન થઈ ગયું. પણ ગુજરાતની લોકબોલીમાં માળવા આજે પણ જીવંત છે. આપણો ગુજરાતી ગરબો મહેંદી તે વાવી ને એનો રંગ ગયો ગુજરાત. માળવાનું મૂળ માળવાનો મોર અને ગુજરાતની ઢેલ અને એથી પણ આગળ વધી તો જ્યારે ખૂબ પ્રોબ્લેમેટીક કામ કરવું હોય ત્યારે અને ન થતું હોય ત્યારે આપણે શું કહીએ કે મન હોય તો માળવે જવાય. તો આ માળવા વિશે આપણે જોઈએ આ કહેવત કેવી રીતે પડી કારણ કે ચારે બાજુ જંગલ અને પહાડો થી ઘેરાયેલું રાજ્ય છે માટે આ ગુજરાતની અંદર કહેવત છે. આ બધી કહેવતો માળવા અને ગુજરાતના સામાજિક સંબંધો દર્શાવે છે. આ માળવા ની પર્વત શ્રેણીઓ કઈ કઈ છે સાતપુડા અને વિંધ્યાચલની શ્રેણીઓ અહીં છે. મુખ્ય નદીઓમાં નર્મદા અને  ક્ષિપ્રા. ઉજ્જૈન જે છે એ ક્ષિપ્રા નદીને કાંઠે છે ત્યારબાદ મહી અને ચંબલ અહીંની મુખ્ય નદીઓ છે. ભાષા અઠેગઠે તો ખરી પણ મારવાડી થી જુદી પડે આ પ્રદેશ અવંતી પ્રદેશના નામથી પ્રખ્યાત છે અને અહીં સંપ્રતિ રાજાનું રાજ્ય હતું ત્યારબાદ રાજા વિક્રમ નું રાજ્ય આવ્યું અને એની

રાજધાની અવંતી એટલે કે ઉજ્જૈન છે. ઉજ્જૈન નું ધર્મ ખગોળ અને ભૂગોળ ની દ્રષ્ટિએ ખૂબ જ મહત્વનું છે એટલે અહીં જૈન અને શૈવ તીર્થોની ભરમાર છે. અહીં જૂનો પત્રકાવ્ય બતાવ્યો છે જયાનંદ સૂરીએ  ચૌદ મી સદીમાં જ્યારે માળવાની યાત્રા કરી ત્યારે એમણે આ કાવ્ય પ્રવાસ વર્ણનનું છે એ લખ્યું. ત્યાં શ્રાવકોની સંખ્યા કેટલી મંદિરોની સંખ્યા કેટલી આ સેમલાજી નગર થી પત્ર એમને લખ્યું છે. ગુરુદેવની સાથે ભોજપુરમાં ગયા અને ત્યાંથી બે મુંડનપુરમાં એ પ્રમાણે લખ્યું છે એની નીચે ગુરુ મહારાજે દર્શાવ્યું છે કે ક્યાંક અને ભોજ ગુફા 200 જઈને જૈનોના ઘર હતા કુંદનપુર એટલે અમિજરામાં સો ઘર હતા. આટલો સરસ ઇતિહાસ માળવાનો આપણી પાસે છે.

માળવામાં ઉજ્જૈન અને અવંતીની આસપાસ 100 km ની ત્રિજ્યા માં ઘણા જૈન તીર્થો છે જેવા કે હસનપુરા મક્ષી વહી ભોપાવર અમીજરા મોહન ખેડા માંડવગઢ પીપળોદ રતલામ બાવન ગજા તાલનપુર વગેરે ગુરુ મહારાજે તેના મંદિરો અને શ્રાવકોની સંખ્યા તો આપી છે સાથે સાથે આ શ્રાવકો કેવા કે કે એનું મહત્ત્વનું તીર્થોની સાથે બતાવ્યું છે. આ ઉપરાંત નાગેશ્વર તીર્થ મધ્યપ્રદેશ અને રાજસ્થાનની બોર્ડર ઉપર જ છે એક નદી વચમાં વહે છે એનાથી બોર્ડર આવે છે.

માળવાના દેરાસરમાં મોટેભાગે પાર્શ્વનાથ ઋષભદેવ અને શાંતિનાથજી મૂળનાયક તરીકે છે. અહીંના મંદિરોના સ્થાપત્ય વિશે થોડી ચર્ચા કરીએ તો અહીં ઉત્તર ભારતના મંદિરોની જેમ નગર શૈલીના જ મંદિરો છે પણ એ મારું ગુર્જર કલા યુક્ત છે મધ્યકાળ ની અંદર આપણે ત્યાં અમુક અમુક વાસ્તુશાસ્ત્ર ના ગ્રંથો છે સોલંકી કાળના. એકનું નામ વાસ્તુશાસ્ત્ર છે બીજાનું નામ વાસ્તુ વિદ્યા છે અને ત્રીજા નું નામ અપરાજીત પૃચ્છા છે સાથે એ પ્રમાણે અહીંના મંદિરોની બાંધણી છે. એમાં બે પ્રકાર અનોખા છે. એક પ્રકારની અંદર દેરાસરના આગળના ભાગમાં સમોસરણ હોવાના ઉલ્લેખ છે ઉપરાંત મંદિરમાં જેવા દાખલ થાઓ ત્યારે એક પેસેજ આવે છે બંધ નળી જેવો મેસેજ એને નળી કહે છે. એ શેની માટે છે કે તમે દાખલ થાય એટલે તમને નવીન ઉર્જા અનુભવો અને એનો હેતુ ખૂબ મોટો લગભગ 15 ફૂટ ઊંચો અને લાંબો મેસેજ

હોય છે પેસે જ હોય છે મોટેભાગે આ વેસ્ટર્ન સાઈડ ની અંદર જ તો એનું હેતુ એક એક જ નજરમાં સંપૂર્ણ મંદિર દર્શન દર્શનાર્થીઓને બતાવવાનું હોય છે. આ પશ્ચિમ ભારતમાં જ જોવા મળે છે મધ્યકાળ ની અંદર આ પ્રકારના મંદિરો બન્યા હવે આજે કળા જે છે એ રાણકપુરમાં જોવા નહીં મળે કેસરિયાજી પાલીતાણામાં અને બીજા અન્ય સ્થળે જોવા મળશે ત્યારે આપણે રાણકપુર જઈએ ત્યારે હવે બરાબર ધારીને જોજો જેવા તમે અંદર દાખલ થાવ ચારે બાજુથી બંધ હોય અને ઉપર પગથીયા ચડો એટલે સંપૂર્ણ મંદિર દેખાય આ એનો હેતુ છે.

હવે આપણે અવંતી પાર્શ્વનાથ ઉજ્જૈન વિશે વાત કરીએ અહીં પાર્શ્વનાથ ભગવાનનું ખૂબ પ્રાચીન મંદિર છે જે અવંતી પાર્શ્વનાથને નામે ઓળખાય છે.અહીં મૂળ નાયક ની પ્રતિમા જોઈ શકીએ છીએ હવે એનો જીર્ણોદ્ધાર  થઈને ખૂબ જ મોટું બાવન જીનાલય અહીં તૈયાર થયું છે નવું મંદિર થઈ ગયું છે. એનો ઇતિહાસ જોઈએ તો અહીં મૌર્ય સમ્રાટ અશોક નું રાજ્ય હતું. એનો પુત્ર કુણાલ રાજકીય કાવા દાવાનો ભોગ બની બંધક  થયો એટલે અશોક રાજાએ આ અવંતી પ્રદેશનું રાજ્ય એના પૌત્ર સંપ્રત્તિને આપ્યો અને સંપ્રત્તિને આ રાજ્યનો વારસદાર બનાવ્યો. અહીં આ પ્રાચીન દેરાસર છે. ઉજ્જેનની અંદર ખારા કુવા નામનો મહોલ્લો છે ત્યાં શ્રીપાલ રાજા અને મયણાસુંદરીએ સિદ્ધચક્રની આરાધના કરી હતી એ સ્થળ અહીં છે. અહીં નવપદસિદ્ધ ચક્ર કરીને મંદિર છે. બીજા ચિત્રની અંદર લાકડાનું એક ખુબ જ સુંદર મોટું વિશાળ દેરાસર છે જે કાચની અંદર મઢીને રાખવામાં આવ્યું છે. જેની કિંમત આજે તો કરોડોની થાય આ ખારા કુવા ની અંદર આવેલું છે.

આ તીર્થની બીજી વિશેષતા જોઈએ તો આગમ શાસ્ત્રોને તાંબાના પત્રો ઉપર લખીને આ ખારા કુવામાં રાખ્યા છે તેઓ પ્રમાણે ઉજ્જૈન માં પણ આગમ વાચના થઈ હતી અને તેના ઉલ્લેખો અહીં રાખવામાં આવ્યા છે. બીજા ફોટોગ્રાફ ની અંદર આદિનાથ ભગવાનની પ્રતિમા છે જે ખારા કુવાની અંદર છે. આજ દેરાસર ની અંદર નીચે ભોયરામાં માં જઈએ તો ખૂબ જ મોટું નવ પદનું સીદ્ધ ચક્ર નું યંત્ર છે. ત્યાં આજે પણ આપણે ત્યાં એમ કહેવાય છે કે મહિણા સુંદરી અને શ્રીપાલ રાજા અહીં આરાધના કરી હતી આજે પણ અહીં આયંબિલ તપની તપસ્યા ખૂબ

જ મોટી થાય છે અને તેના લોકલ લોકો એને ઓલીજી કહે છે. આયંબીલ ઓળી  શબ્દ નથી બોલતા.

આપણી ઉજ્જૈનના શાસ્ત્રોમાં ઉલ્લેખ છે જીવંત સ્વામીની અથવા જીવિત સ્વામી મહાવીર સ્વામીની  દીક્ષા લેતા પહેલા એમના ભાઈ નંદીવર્ધને પ્રતિમાઓ તૈયાર કરાવી હતી એ જીવિત સ્વામી ના નામે ઓળખાય છે એમની કથા નો સૌ પ્રથમ ઉલ્લેખ સંઘદાસગણી કૃત વસુદેવ હિનડીમાં આપણને પ્રાપ્ત થાય છે. એમાં જણાવ્યા પ્રમાણે આર્યા સુરતના નામની સાધવી ઉજ્જૈન જતા માળવામાં જીવિત સ્વામીના મંદિરે દર્શન કરવા ગઈ અને એ મંદિર કેવા હતા. એ પ્રમાણેના આપણે ત્યાં ઉલ્લેખ જોવા મળે છે આનું સંપાદન પુણ્ય વિજયજી મહારાજે કહ્યું છે અને બીજો ઉલ્લેખ આપણને ઉજ્જૈન મળે છે પૂર્વતર કલ્પ ભાષયની અંદર કે એક વાર આર્યસુહસતી ઉલ્લેખ આપણે સૌ જાણીએ છીએ. તેઓ એકવાર જીવિત સ્વામીના વંદનાર્થે ઉજ્જૈન આવ્યા હતા ત્યારે તેમને જોઈને સંપત્તિ રાજા ને જાતિ સ્મરણ જ્ઞાન થયું. એમને પોતાનું પૂર્વ યાદ આવ્યો અને પોતાનો પૂર્વ ભાવ યાદ આવે અને ગુરુ મહારાજની પ્રેરણાથી એણે લાખો જૈન પ્રતિમાઓ ભરાવી અને કેટલાય મંદિરો બંધાવ્યા એ આપણે સહુ જાણીએ છીએ. આર્ય સુહસ્તિ જ્યારે ત્યાં પધાર્યા તો એમણે જોઈને સંપત્તિ રાજા ની જાતિ સ્મરણ થયું. જીવિત સ્વામીની પ્રતિમા ની તેઓ સાધના કરતા હતા ત્યારે તેમની હયાતીમાં જ એમના ભાઈએ ભરાવી માટે આ પ્રતિમા મુગટ સાથે હાર અને બાજુબંધ સાથેની છે. અહીં દર્શાવેલી જીવિત સ્વામીની પ્રતિમા અત્યારે જોધપુર મ્યુઝિયમમાં છે જે પાસેના ખેતરમાંથી મળી હતી. આમ અવંતીમાં કથાના ભંડારો છે પરદુઃખ ભંજન વિક્રમ રાજા અહીંના રાજા હતા એમની સંવત આજે આપણે વાપરીએ છીએ.

વૈદિક ધર્મમાં ઉજ્જૈનનું મહત્વ ખૂબ જ છે દર બાર વર્ષે ભરાતો કુંભ મેળો અને મહાકાળના જ્યોતિર્લિંગને કારણે તેઓ ઉજ્જૈનને ખૂબ માને છે. આ સમુદ્ર મંથન સમયે અમૃત ના ટીપા જ્યાં પડ્યા ત્યાં ત્યાં કુંભ મેળો ભરાય. ઉજ્જૈન હરિદ્વાર નાસિક અને પ્રયાગરાજ માં કુંભ મેળો ભરાય છે. ઉજ્જૈનનું આજે મહાકાળનું મંદિર છે મહાકાળ એટલે મુખ્ય સમય. ચોથી સદીનું

એક પુસ્તક છે સર્વ  સિદ્ધાંત અનુસાર ઉજ્જેન  ઝીરો ડિગ્રી અક્ષાંશ છે એ કર્કવૃત રેખાંશ કર્કવૃત પર છે. આ પૃથ્વીનું કેન્દ્ર બિંદુ છે તો એના માટે આ જે સ્થળ છે એનું ખગોળ ની દ્રષ્ટિએ પણ ખૂબ છે અને આ ખૂબ ઊર્જાવંત છે અહીં જૈનોના 22 થી વધારે મંદિરો છે અને અગણિત શૈવ મંદિરો છે. સિદ્ધસેન દીવાકર ગોપીચંદ અને ભર્તુહરી એ બધાની સાધના ભૂમિ છે.

ઉજ્જૈન ની નજીકમાં 40 કિલોમીટર દૂર થશે ઉન્હેલ તીર્થ છે. ગુપ્ત સમયના ઘણા અવશેષો છે પાર્શ્વનાથપ્રભુની પ્રતિમા ઘણી વિશિષ્ટ છે માના બંને તરફ ઇન્દ્રો બિરાજેલા છે આ એમની વિશેષતા છે સાત ફણાની બંને તરફ ઈન્દ્ર છે જે અન્યત્ર જોવા મળતા નથી. એનો અહીં ઘણી વાર જીર્ણોદ્ધાર  થઈ ચૂક્યો છે.

અલૌકિક પાશ્વર્નાથ નામ જ એનું બતાવે છે. હસનપુરા નામનું તીર્થ ઉજ્જૈન થી લગભગ 11 કિલોમીટર દૂર છે. અહીં 10 મી સદીના ઘણા બધા ઉલ્લેખો આપણને જોવા મળે છે મૂર્તિઓ પણ જોવા મળે છે. અહીં પ્રતિમાની નીચે હસ્ત મુદ્રા ની નીચે સર્પની બે જોડી છે અને ગર્ભ ગૃહમાં એક ભોયરું છે જે ગુફાઓમાં ખુલે છે. હવે ત્યાં જીર્ણોદ્ધાર થઈ ગયો પરંતુ પહેલાના સમયમાં એ ખુલ્લું જ હતું. બદનાવરા તીર્થ વર્ધમાનનું અપભ્રંશ  થઈને થઈને બદનાવર થયું. આ તીર્થ ઉજ્જૈનથી 67 km દૂર છે. રતલામ થી ચાલીસ કિલોમીટર દૂર છે આની વિશિષ્ટતા એ છે કે ભોયરાની અંદર સંપત્તિ રાજા પોતે જ આ સ્થાપિત કરેલું હતું. આ ઋષભદેવની પ્રતિમા છે એ side થી બતાવ્યું છે કે કોણીની નીચે એક પીસ રાખવામાં આવ્યું છે જે અહીં જોઈ શકાય છે પ્રભુના કર્ણ કાન પણ થોડા લાંબા હોય છે પ્રભુના એ બે વિશેષતા છે. હવે આ બંધ કરીને પ્રતિ પ્રભુ પ્રતિમા એના ઉપર નવું દેરાસર બનાવીને પ્રતિષ્ઠિત કરી દેવાયું છે. આ ગામમાં અનેક પ્રાચીન શૈવ મંદિરો છે અહીંના મણિભદ્ર વીરની પ્રતિમા ખૂબ જ પ્રભાવશાળી છે.

અમી જરા પાશ્વનાથ તીર્થ આ ગામનું નામ કુંદનપુર છે. એક પ્રતિમાના લેખના આધારે આપણે આ કહી શકાય. કોઈ એક પ્રસંગ અહીંના મૂળના એક પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા માંથી સતત અમી ઝર્યા  રહ્યા. આ જોઈને ત્યાંના રાજા એ ગામનું નામ જ અમીજરા રાખ્યું જે આજે

પણ કાયમ છે. દેરાસરની પ્રતિષ્ઠા સંમત 1492 માં થઈ હતી પરંતુ ઉલ્લેખ હોય એનાથી પણ પહેલાના છે.. અહીંની બહુ સુંદર કથા છે અહીં ગામની બહાર ગુફામાં બિલકુલ દેખાય છે એમ અમકા ઝમકા દેવીનું મંદિર છે. કૃષ્ણ ભગવાને રુકમણી નું હરણ અહીંથી કર્યું હતું. રુકમણી અહીં દેવીના દર્શન માટે આવ્યા હતા. એ સમયે ભાઈ રુકમી કુમારે શ્રીકૃષ્ણ સાથે યુદ્ધ કર્યું યુદ્ધ કર્યું હતું ભોજકૂટ ની આસપાસ યુદ્ધમાં હારી ગયો ત્યારે પ્રાયશ્ચિત રૂપે એણે ભોજકૂટ નગરમાં શાંતિનાથ ભગવાનની પ્રતિમા સ્થાપિત કરી જે આજનું ભોપાવર છે અને ભાઈ રુકમીએ બાકીની  જિંદગી ત્યાં જ વિતાવી. ભોપાવર તીર્થમાં રુકમણ કુમારે જે પ્રતિમા ભરાવી હતી શાંતિનાથ ભગવાનની પ્રતિમા ખૂબ જ પ્રાચીન છે. હવે નવું દેરાસર તૈયાર થઈ ગયું છે એનું ગર્ભ ગ્રહ ખૂબ વિશાળ છે. સોમનાથ તીર્થ જેવું જ આનું સ્થાપત્ય છે. શાંતિનાથ પ્રભુની પ્રતિમા પાંચ ફૂટ ઊંચી છે આ કુશાનકાળ પહેલાની ગણાય છે. પોષ 10 મીનું અહીં મેળો ભરાય છે હજારો ભીલ લોકો પ્રભુના દર્શને આવે છે. એમને ખામણા બાબા કામનાબાબા  તરીકે પૂ.જે છે આજથી 80 વર્ષ પૂર્વે સાગરા નંદજીની પ્રેરણાથી રાજગઢના  ભક્તોની મહેનતથી આ તીર્થ પ્રકાશમાં આવ્યું. આજથી લગભગ 30 વર્ષ પહેલા 1990 માં દેરાસર ની નજીકમાં ખેતરમાંથી 89 કાંસ્ય પ્રતિમા નું જથ્થો પ્રાપ્ત થયો હતો. ખૂબ જ સુંદર પ્રતિમાઓનો જથ્થો મળ્યો હતો જે હવે ભોપાલના છે મ્યુઝિયમમાં છે.

મકસીજી તીર્થ ઈસવીસન પૂર્વે બીજી શતાબ્દીમાં અહીં અનેક શ્રાવક શ્રાવીકાઓ રહેતા હતા એવા શાસ્ત્રોમાં ઉલ્લેખો છે. આ તીર્થને જ્યારે મહંમદ ગજની નુકસાન કરવા માટે આવ્યો ત્યારે એ સખત બીમાર પડી ગયો ત્યારે બાદ એને થયું કે આ તીર્થ તોડવું નથી. એને જેવો સંકલ્પ કર્યો કે હું નહીં તોડું તો એ સારો થઈ ગયો. ત્યાર પછી અન્ય કોઈપણ વ્યક્તિ આ તીર્થ તોડે નહીં એ માટે ત્રણ કાગુરા બનાવીને રાખ્યા જે હજી પણ તીર્થમાં જોઈ શકાય છે. વર્તમાનનું મંદિર માંડવગઢ બનાવેલ છે સંગ્રામ સોનીએ. આસપાસ અન્ય ઘણા તીર્થો છે આ પ્રતિમા ખૂબ જ પ્રાચીન છે અને લગભગ નવ ફના અહીં દેખાય છે.

તાલન પુરનું નામ તૂંગીયા પતન પણ છે અને બીજા પણ નામો છે. આ તીર્થ કુક્ષી ની નજીક છે. લક્ષ્મની તીર્થ વાઘની ગુફા વાઘની ગુફા ના નામે એ સ્થળ ઓળખાય છે જે બાવન ગજા વગેરે તીર્થો નિર્માણ ક્ષેત્રની અંદર ગણાય. કુક્ષી ગામ થી કેવલ પાંચ કિલોમીટર દૂર છે.બાવન ગજા ના દિગંબર તીર્થ થી આ 40 km દૂર છે .પ્રાચીન સમયમાં અહીંથી વ્યાપારિક માર્ગ પસાર થતો હતો એને કારણે આ પ્રસિદ્ધ તીર્થ હતું. ત્યારબાદ આક્રમણકારીઓએ ખૂબ એને એટલું નુકસાન કર્યું. કોઈ કોઈ પ્રતિમાને ખેતરમાં તો કોઈ કોઈને પાણીમાં સુરક્ષિત રાખવા માટે તાલનપુર નું બીજું નામ તારણપુર પણ છે. આસપાસ પ્રાપ્ત થયેલી પ્રતિમાઓ આજથી દોઢસો વર્ષ સ્થાપિત કરવામાં આવી અને અહીં પ્રતિમા લેખો 550 ના છે 1200 ના છે વિક્રમ સંવત ના છે 1483 ના છે 1532 ના છે. આ પ્રમાણે અલગ અલગ સમયના બધા આપણને મળી આવે છે. સ્થાપિત કરાયેલી પ્રતિમા માંથી એના ગુરુ વિશે જણાવીએ તો જગત ચંદ્ર સુરિ. બપ્પભટ્ટ સુરિ  જીનેશરીના શિષ્ય રત્નપ્રભ સુરિ  અચલ ગચ્છના જય કીર્તીસુરી તપાગછના સોમસુંદરસુરી લક્ષ્મી સાગર સૂરીના વગેરેના નામોના ઉલ્લેખ પ્રતિમા માં મળે છે. આટલા બધા સુંદર રેફરન્સીસ આપણને માળવાના તીર્થમાં મળે છે.

એક ધસોઈ નામનું તીર્થ છે ઉજ્જૈનથી આ 125 કિલોમીટર દૂર છે. અહીં ચાર માઇલના ઘેરાવા વાળું ખૂબ વિશાળ તળાવ છે.  કિનારે ઘણા બધા અવશેષો આજે પણ આપણને મળે છે એમાં કલાપૂર્ણ સ્તંભ પ્રતિમાઓ સિક્કાઓ વગેરે નીકળતા જાય છે આ સ્થળ દશાળ દેશનું  એક નગર લાગે છે. ચોવીસીમાં જોઈશું તો આવી જોવી છે કદી જોવામાં નથી આવી આટલી સુંદર ચોવીસી ત્યાંથી આપણને પ્રાપ્ત થાય છે. હવે ત્યાં એક સુંદર જિનાલય બની રહ્યું છે ત્યાં આ બંને પ્રતિમાઓને લિપ કરીને ત્યાં સ્થાપિત કરવામાં આવી છે. આવી પ્રતિમાઓને શ્વેતાંબર સંપ્રદાય પણ પૂજતો હતો જે ઘણાને ખબર નથી જમીનમાંથી પ્રાપ્ત થયેલી પ્રતિમાઓ છે એની કલા કૃતિ ખૂબ જ પ્રાચીન જણાય છે.

વહીપાશ્વરનાથ આ દસવુંર ની પાસે છે જેની ગણના 108 પાર્શ્વનાથ માં થાય છે મનસુર ગામ થી લગભગ ૧૫ કિલોમીટર દૂર આવેલ છે. પ્રતિમાની કળા ઉપરથી એ ગુપ્ત સમયની છે

નીચે બે સિંહ ના મુખ દેખાય છે. એક કારપેટ જેવું દેખાય છે વસ્ત્ર જેવું નીચે લટકતું દેખાય છે એના પરથી ખબર પડે છે કે આ પાંચમી સદીની પ્રતિમા છે. આ નગરની કથા જીવંત સ્વામી સાથે જોડાયેલી છે. ત્યાં ના  જે રાજા હતો ઉદયન એ પોતાના માલિકીની જીવંત સ્વામીની પ્રતિમા ચંદ્પ્રધ્યોત લઈને નીકળી ગયો ત્યારે એક એની પાછળ પડે છે અને એને મદદ કરવા માટે 10 મુગટ  બંધ રાજાઓ મોટા મોટા મહારાજાઓ અને મદદ કરવા માટે આવે છે. આ 10 રાજા હોય ત્યાં છાવણી નાખી હતી એ નગર કાલ ક્રમે દસપૂર તરીકે ઓળખાયું એ આજનું મનસૂર નામનું તીર્થ છે. અહીં તળાવમાંથી એકદમ પ્રાચીન ખૂબ મોટી ચોમુખી શંકર ભગવાનની પ્રતિમા નીકળી છે એ પણ ખુબ સુંદર છે. એની કથા એવી છે કે એક ધોબી એના ઉપર કપડાં ધોતો હતો એના નિસાન પ્રતિમા પર પડ્યા છે.

માંડવગઢ નો ઇતિહાસ ઘણા બધા શ્રેષ્ઠીઓ  સાથે જોડાયેલું છે હેમચંદ્રાચાર્ય રચિત સકલાયવર્ધ માં પણ ચૈત્ય વંદન છે એમાં આ તીર્થને  વંદન કરેલ છે. એમણે જે રાસ ગાથા લખી છે એમાં ઋષભદેવના જે 10 તીર્થો પહાડો ઉપર આવેલા છે એનું વર્ણન કરેલું છે. માંડવગઢ નું નામ આવે છે. અહીં સોનાની બહુલતાવાળી પ્રતિમા બતાવી છે. એ કેવલીને પ્રાપ્ત થઈ એનો શિલાલેખ જે દેરાસરમાં મૂક્યો છે એનું બતાવ્યું છે. આ શાંતિનાથજી ની ભવ્ય પ્રતિમા છે. એક સમયે અહીં એક લાખ શ્રાવકોના ઘર હતા અને 700 દેરાસર હતા. કાળક્રમે અન્ય ધર્મીઓએ એનો કબજો લઈ લીધો તો ઘણા વર્ષો સુધી અહીં ગામના ભીલ લોકો સિવાય બીજું કોઈ હતું જ નહીં વાઘ સિંહનો પણ બહુ ડર હતો તો આવા કઠિન સંજોગમાં ભગવાનની પ્રતિમા ને રાજાએ કહ્યું કે ને આપણે ધાર લઈ જઈએ. જે હાથીની અંબાડી ઉપર બેસીને પ્રતિમા જતી હતી તો હાથી ચાલ્યો જ નહીં તો ગામના જૂના દેરાસરમાં એની સ્થાપના કરી તાળું મારી દીધું અને તે ચાવી પાસેના નાલછા ગામમાં રહેતા એક શ્રેષ્ઠી ને આપી. એ ચાવી એના ઘરે 200 વર્ષ સુધી પડી રહી એ દિગંબર હતા. ત્યારબાદ એમને સપનું આવ્યું કે આ શ્રેષ્ઠી મારે ધારના એક કોઈ ને આપવાની છે એમણે આ ચાવી શ્રેષ્ઠને આપી એ  શ્રેષ્ઠી પોતે સ્થાનકવાસી હતા. એમને ત્યાં દેરાસર બનાવ્યું અને આની સ્થાપના કરી આજે એનો ઝીર્ણોદ્ધાર થઈ ગયો છે. ખૂબ જ સુંદર પ્રતિમા છે અને આજે ત્યાં આજે પણ ત્યાં પ્રતિમા બિરાજમાન છે

માંડવગઢ નું આ બીજું દેરાસર છે એમાં શુંપાશ્વરનાથ ભગવાન છે. જે મૂળનાયક છે નગર થી નીકળેલી પ્રતિમા અહીં સ્થાપિત કરવામાં આવી છે બીજી સ્લાઈડમાં પાશ્વનાથ  ભગવાનની વેણુ ની પ્રતિમા છે આ માનવ ઘટના બિરાજમાન છે પેથડ શાહે બંધાવેલા ગગનચુંબી ઘરવાળા દેરાસર હવે નથી પણ તેના અવશેષો આજે પણ મસ્જિદ ની અંદર બહુ જ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે.  પેથળ શાહે  ભગવતી સૂત્રમાં આવતા દરેક વયમ શબ્દ ઉપર એક એક સોનાની ગિની મૂકી પૂજા કરતો ગયો અને એ બધી ગીનીઓ અંતે વિવિધ ગ્રંથ ભંડારોમાં મોકલી આપી. આ બધી જ બાબતો શુકૃત સાગરની અંદર ખૂબ સુંદર રીતે વર્ણવેલી છે. પેથડ શાહના પુત્ર ઝાંઝણ શાહે કરોડો રૂપિયા ખરચીને શત્રુંજય નો સંઘ કાઢ્યો હતો. એવો યાદગાર સંઘ હજી સુધી કોઈએ કાઢ્યો નથી.

ધાર ની અંદર નવું ભક્તામર મંદિર બંધાવવામાં આવ્યું છે. જૂનું મંદિર બનિયા વાડીમાં પણ છે એ ખૂબ જ પ્રાચીન દેરાસર છે. ગામની અંદર ભોજશાળા નામનું એક સરસ્વતીનું મંદિર છે તો ત્યાં જમીનમાંથી પ્રાપ્ત થયેલા શિલાલેખો ની અંદર આચારાંગ સૂત્ર  આખું સૂત્ર લખેલું છે. ચાર મોટા મોટા પાટીયાઓની ઉપર આચારાંગ સૂત્ર ત્યાં સરસ્વતી મંદિરની અંદર લખેલું છે.  ભોજ શાળાના સ્તંભો ઉપર સરસ્વતી મંત્રો પણ છે ખુબ જ સુંદર જગ્યા છે.

આ મોહન ખેડા તીર્થ  અને અમીજરા ની વચ્ચે માર્ગમાં મધ્યમાં આ મોહનખેડા છે. આની ભૂમિ આચાર્ય રાજેન્દ્ર સૂરી મહારાજે તિર્થ નો અભ્યુદય જાણીને શ્રાવકોને કહ્યું કે તમે આ ભૂમિ પસંદ કરો અને લઈ લો જ્યારે ગુરુદેવ કાળ ધર્મ પામ્યા ત્યાર બાદ આ જ સ્થળ ઉપર એમની ક્રિયા કરવામાં આવી અને ખૂબ જ સુંદર મોહનખેડા નામનું તીર્થ અસ્તિત્વમાં આવ્યું. મોહનગીરી એ શત્રુંજયનું નામ છે એના પરથી મોહન લીધું અર્થાત્ ખેડા મોહન ખેડા અર્થાત આત્મખેડા ની ભાવના પરથી આ નામ પસંદ કર્યું. ત્યાં શેત્રુંજય ની શીલા પણ રાખવામાં આવી છે. આજે લાખો યાત્રિકોની યાત્રાનું ધામ છે. અહીં આદેશ્વર પ્રભુની પ્રતિમા છે. રાજેન્દ્ર શ્રી ગુરુ મહારાજની પ્રતિમા છે ઘણા બધા મંદિરો આ સંકુલમાં છે.

બીબડોદ તીર્થ રતલામ થી 10 કિલોમીટર દૂર છે ઉજ્જૈન રતલામ થી ૧૦૦ કિલોમીટર દૂર છે. રતલામ  આજુબાજુમાં ઘણા પ્રાચીન તીર્થો આવેલા છે એમાંનું આ એક તીર્થ છે. આ તીર્થ માટે એમ કહેવાય છે કે પાયા વગરનું મંદિર હતું. દીવાલો ની પાસે એક પછી એક સ્થળ હતા દેરાસરો જીર્ણોદ્ધાર સમયે પ્રાપ્ત થયા ઋષભદેવ ભગવાનની ખૂબ જ પ્રાચીન પ્રતિમા છે. અહીં 10 મી સદીના ઉલ્લેખો મળે છે અને પેઇન્ટિંગ્સ પણ છે.

તીર્થ શેમિલીયાજી જે પત્ર બતાવવામાં આવ્યો હતો એ અહીંથી લખવામાં આવ્યો હતો. શાંતિનાથ ભગવાન અહીં મૂળ નાયક છે. આ મંદિર ખૂબ જ પ્રાચીન છે. આ તીર્થ માટે કહેવાય છે કે એ સમયે યતિઓ પોતાની ઉડવાની વિદ્યાનો ઉપયોગ કરીને દેરાસર લઈને આમ તેમ જતા હતા તો એવા એક યતિ શાંતિનાથ ભગવાનની પ્રતિમા લઈને જતો હતો. ત્યારે બીજા યતિએ પોતાની વિદ્યા થી  જોયું કે આ આકાશમાંથી જઈ રહ્યા છે તો એણે કુકડાનો અવાજ કર્યો. બીજા યતિએ નીચે ઉતાર્યો અને ખૂબ જ એમની વચ્ચે બોલાચાલી થઈ હશે આજે સ્તંભો ઉપર પણ એની અથડામણના ચિત્રો જોઈ શકાય છે. આવું સુંદર ચમત્કારિક તીર્થક્ષેત્ર છે આ શાંતિનાથ ભગવાનને ઘણીવાર અમી જરે  રહે છે ગામની અંદર બે મોટા બાવનજીનાલય છે જીનાલય છે. આ મંદિર વર્ષો વર્ષથી પણ ઘણું પ્રાચીન છે લગભગ સવા 200 વર્ષ થયા હોવા જોઈએ. અહીં શ્વેતાંબરો દિગંબરો સ્થાનકવાસી ના ઘણા સ્થાન છે અહીં મોટો ગ્રંથ ભંડાર છે અહીં આવેલા શાંતિનાથ ભગવાન નું જે દેરાસર છે એ સમોસરણ ના સ્થાપત્ય પર આધારિત છે. અહીં મિનાર બનાવવામાં આવી છે એમાં પ્રભુની મૂર્તિ દેખાય છે કાયોત્સર્ગવાલી. સમોસરણ હોય છે એ એટલું ઊંચું હોય છે કે ઉપર ચડીને પૂજા પણ કરી શકાય છે. પેઇન્ટિંગ્સને જીણોધારમાં કાઢી નાખવામાં આવ્યા છે.

રતલામમાં બાબાશાહ અને મોતી શાહનું મંદિર. માળવાના અંદર વ્યક્તિઓ યતિયો તેના દેરાસરો  ના નામથી ઓળખાય છે બાબાસાહે નામના જય અતિ હતા એ કદાચ સુફી સંતો હોઈ શકે કારણ કે દેરાસરના પાછળ એની નજર પણ છે મજાર પણ છે આ દેરાસર બાબાસાહના નામથી ઓળખાય છે. જુના બાબાસા ની મૂર્તિઓ જોઈ શકાય છે. કુકડેશ્વર મંદિર

જે છે. મણાસા નામના ગામની નજીક આવેલું છે 108 પશ્વનાથ ભગવાનની અંદર આ આવે છે. ખૂબ જ પ્રભાવક મંદિર છે આનો જીર્ણોદ્ધાર થઈ ગયો છે.

નાગેશ્વર તીર્થ લીલા રંગથી મણીથી જડેલી આટલી સુંદર પ્રતિમા જોઈને દર્શક ભાવ વિભોર થઈ જાય. આ પ્રતિમાની દેખરેખ એક સંન્યાસી કરતો હતો. એણે પ્રતિમાજી ઉપર સિંદૂર લગાવેલું હતું પરંતુ અભયસાગરજી ગુરુ મહારાજ ના પ્રયત્નોથી આપણને જૈન સંઘે આ વહીવટ લીધો આજથી 50 55 વર્ષ પહેલા મળી ગયો અત્યારે લાખો યાત્રાળુ અહીં આવે છે

લક્ષમણ તીર્થ ની મૂળ નાયકની  પ્રતિમા ઉપર 1093 નો લેખ છે ખૂબ જ પ્રભાવશાળી પ્રતિમા છે પાસેનું ગામ છે અરીરાજપુર કરીને. ત્યાં આજથી 55 60 વર્ષ પહેલા એક ભીલની ખૂબ જ મોટો પ્રતિમનો જથ્થો ખેતરમાંથી મળી આવ્યો. એને તરત જ રાજાની વાત કરી એટલે રાજાએ કહ્યું કે આ તો જૈનોની પ્રતિમા છે રાજાએ દાનમાં જમીન હતી આ પ્રતિમાઓને અરીરાજપુર નો સંઘ પોતાના ગામમાં લાવવા માંગતો હતો પણ તે હટી નહીં એટલે ત્યાં પ્રાચીન સમયનું જે નામ હતું લક્ષમણિ એ તીર્થના નામે જ નવું મંદિર બનાવવામાં આવ્યું અને પ્રતિમાઓનું સ્થાપન કરવામાં આવ્યું . ઝંઝાણ શાહે ખૂબ યાદગાર સંઘ કાઢ્યો હતો એ અહીં રોકાયા હતા.

વિદિશા તીર્થ દિગંબર સંપ્રદાયનું તીર્થ છે બહુ જ સુંદર તીર્થ છે. આ સાચી ની નજીક આવેલું તીર્થ છે સાચી અને વિદીશા વચ્ચે આઠ કિલોમીટરનું ફરક છે સાચી માં બૌદ્ધ ધર્મનું સ્તૂપ છે જે આપણે સૌ જાણીએ છીએ અને વિદિશામાં જૈન ધર્મ છે. અહીંની પહાડીઓ તેનું નામ છે ઉદયગીરી. આની કથા જીવિત સ્વામી સાથે પણ જોડાયેલી છે અને એમની પ્રતિમા અહીંના તળાવમાં હોવાની શક્યતા વધુ છે જૂનું નામ હતું વેલસર  હતું તો વેલસર  વાયલ સ્વામીનું થઈને થયું. હેમચંદ્રજી ના ઉલ્લેખ પ્રમાણે કદાચ ત્યાં જીવિત સ્વામીની પ્રતિમા હોવાની સંભાવના છે.

મધ્યપ્રદેશના આ માળવાની અંદર અન્ય તીર્થોમાં ગ્વાલિયર ના મંદિરો આવે છે દ્રોણગીરી આહરાજી ખજૂરાહો કુંડલપુર વગેરે છે પરંતુ આ બધા માળવાથી થોડા દૂર છે એ બધાને અહીં

સમાવેશ ના કરી શકાય માટે એ અલગ રાખવામાં આવ્યું છે. કુંડલપુર ની અંદર બડે બાબાના નામથી વિખ્યાત મહાવીર સ્વામીની પ્રતિમા છે લાલ રંગની છે. જે 15 ફૂટ ઊંચી છે એના પર એના પરિકર અને પભાસણ પરથી એની પ્રાચીનતા સિદ્ધ થાય છે.

વિદીશાની અંદર આ ઘર દેરાસર ફ્રોર્મ મૂકેલું છે. બહુ જ મોટું નિશાળ દેરાસર છે એમાં આ મૂકેલું છે એના ઉપરથી ખબર પડે છે કે ઘર દેરાસર પણ કેટલું મોટું છે. આપણે શાંતિનાથ ભગવાનના દેરાસરની વાત કરી કે સમોસરણમાં હોય છે તો સમોસરણ ની આગળ ઈન્દ્ર ધ્વજ ચાલતો હોય છે. ઇન્દ્ર ધ્વજા દેરાસર અહીં આ દેરાસરમાં જોઈ શકાય છે જ્યાં ખાચા રાખવામાં આવેલા છે એમાં ધ્વજા છે. બાબાસાહનું  મંદિરની મંદિર બે માળનું છે અને એની જે મીનાકારી છે એ દીવાને ખાસ જેવી છે. આ ખૂબ જ સરસ દેરાસર છે મૂળ દેરાસર ની અંદર 200 વર્ષનું પેઇન્ટિંગ પણ ખુબ સુંદર છે.

જૈન ધરમાંવલંબીઓ આત્માથી પરમાત્મા તરફથી ભક્તિ કરે છે જેનાથી હૃદય પુલકિત  થાય આ થઈ ભાવ ઉપાસના. પોતાના પ્રાણ પ્રિય પરમાત્માના પ્રતિમાની સ્થાપના કરીને એની પૂજા કરીને એ થઈ દ્રવ્ય ઉપાસના. આ બંને પ્રકારની ઉપાસના સંસાર સાગર પાર ઉતારવાનું નું શ્રેષ્ઠ સાધન છે. જૈન ઉપાસકો પ્રભુના આદર્શોને સ્મરણમાં રાખીને પોતાના પરભવને સ્વભાવમાં લાવી લાવવા ની ઉપાસના કરે છે. આવો ચેતનાની બધી ક્રિયાઓ આંતર ચેતનાની જાગૃત કરવાની ક્રિયાઓ છે,જેને આપણે સ્વાધ્યાય કહીએ કે સ્વ અધ્યાય કહીએ છીએ .

******************************************************************

JAIN SAHITYA ACADEMY TRUST